# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નડિયાદ તાલુકા પંચાયતના અમુક ગામ નડિયાદ મનપામાં સમાવવા કરવાથી ચાર બેઠકોનો ઘટાડો થયો

# ખેડાની તા. પંચાયતમાં બેઠક રોટેશન : અનેકના નામ કપાશે

**કુલ બેઠકોની સંખ્યામાં** ઓબીસી સહિત અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવામાં આવી

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

ખેડા જિલ્લાની પાંચ તાલુકા પંચાયત નડિયાદ, કઠલાલ, ઠાસરા, કપડવંજ અને ફાગવેલ માટે રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર દ્વારા ચૂંટણી લક્ષી પ્રાથમિક આદેશ પ્રસિદ્ધ કરવામાં 'આવ્યો છે. ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની વિવિધ કલમો હેઠળ પાંચ તાલુકા પંચાયતોમાં કુલ બેઠકોની સંખ્યા અને તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તેમજ સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા નક્કી કરવામાં આવી છે. વિકાસ કમિશનર દ્વારા જાન્યુઆરી અને ફેબ્રુઆરી 2026 દરમિયાન બહાર પાડવામાં આવેલા જાહેરનામાં મુજબ આ બેઠકોની ફાળવણી કરવામાં આવી છે, જેમાં 2023ના નવા કાયદા મુજબ પછાત વર્ગો માટે 27 ટકા અનામતની જોગવાઈનો અમલ કરવામાં આવ્યો છે.

ખેડા જિલ્લાના મતદાર મંડળોની આ રચના સને 2011ની વસતી ગણતરીના આંકડાઓને આધારે કરવામાં આવી છે, જેથી દરેક મંડળમાં વસતીનું પ્રમાણ જળવાઈ રહે. આ પ્રક્રિયામાં ગામના તમામ વોર્ડનો સમાવેશ એક જ મતદાર મંડળમાં થાય તેની તકેદારી રાખવામાં આવી છે. અનામત બેઠકોની ફાળવણી રોટેશન મુજબ કરવામાં આવી છે જેથી અગાઉની ચૂંટણીમાં જે બેઠકો અનામત હતી તેનું પુનરાવર્તન ટાળી શકાય.

ખેડા જિલ્લાની તાલુકા પંચાયતની બેઠકોમાં નડિયાદ તાલુકા પંચાયતમાં અમુક ગામ નડિયાદ મનપામાં સમાવવાથી ચાર બેઠકોનો ઘટાડો થયો છે. નડિયાદ તાલુકા પંચાયતમાં ગઈ વખતે કુલ 26 બેઠકો હતી નવો ફાગવેલ તાલુકો બનતા સિમાંકનની અસર કઠલાલ તાલુકા પંચાયતમાં પણ બે બેઠકોનો ઘટાડો થયો છે . કઠલાલ તાલુકા પંચાયતમાં ગત ટર્મ વખતે 24 બેઠકો હતી. આમ નવા સિમાંકન મુજબ ઠાસરા તાલુકા પંચાયતમાં પણ બે બેઠકોનો ઘટાડો થયો છે ગત ટર્મ દરમિયાન ઠાસરા તાલુકા પંચાયતમાં 24 બેઠક હતી. જોકે કપડવંજ તાલુકા પંચાયતમાં એક પણ બેઠકનો ઘટાડો થયો નથી. જ્યારે ગત માસ દરમિયાન ખેડા જિલ્લાની વસો , માતર , ખેડા , મહેમદાવાદ, ગળતેશ્વર અને મહુધા તાલુકા પંચાયતની બેઠકો અને અનામતનું રોટેશન જાહેર થઈ ચૂક્યું છે. જેમાં વસો તાલુકા પંચાયતની 16, માતર 20, ખેડા 18, મહેમદાવાદ 18, ગળતેશ્વર 18 અને મહુધા તાલુકા પંચાયતની 18 બેઠકો જાહેર થઈ છે. આ રોટેશનના પગલે અનેક નેતાના નામ હાલની બેઠક પરથી કપાશે.

#### પાંચ તાલુકાની બેઠકોનુ નવું રોટેશન

- **નડીઆદ તાલુકા પંચાયત** માટે કુલ ૨૨ બેઠકો નક્કી કરવામાં આવી છે, જેમાંથી અનુસૂચિત જાતિ માટે 1 બેઠક (સામાન્ય), અનુસૂચિત આદિજાતિ માટે 1 બેઠક (સ્ત્રી), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે 6 બેઠકો (3 સ્ત્રી, 3 સામાન્ય), સામાન્ય સ્ત્રીઓ માટે 7 અને બિનઅનામત સામાન્ય માટે 7 બેઠકોની ફાળવણી થઈ છે.
- **કઠલાલ તાલુકા પંચાયતની** પણ કુલ 22 બેઠકો છે, જેમાં અનુસૂચિત જાતિ માટે 1 (સામાન્ય), અનુસૂચિત આદિજાતિ માટે 1 (સ્ત્રી), પછાતવર્ગ માટે 6 (3 સ્ત્રી, 3 સામાન્ય) તથા સામાન્ય સ્ત્રી અને બિનઅનામત સામાન્ય માટે 7-7 બેઠકો ફાળવાઈ છે.
- **ઠાસરા તાલુકા પંચાયતમાં** કુલ 22 બેઠકો પૈકી અનુસૂચિત જાતિ માટે 1 (સ્ત્રી), અનુસૂચિત આદિજાતિ માટે 1 (સામાન્ય), પછાતવર્ગ માટે 6 (3 સ્ત્રી, 3 સામાન્ય) અને અન્ય 14 બેઠકો સ્ત્રી અને બિનઅનામત વર્ગ વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવી છે.
- **કપડવંજ તાલુકા પંચાયતમાં** કુલ બેઠકોની સંખ્યા 26 છે, જે ખેડા જિલ્લાની આ પાંચ પંચાયતોમાં સૌથી વધુ છે. અહીં અનુસૂચિત જાતિ માટે 1 (સ્ત્રી), અનુસૂચિત આદિજાતિ માટે 1 (સામાન્ય), પછાતવર્ગ માટે 7 (4 સ્ત્રી, 3 સામાન્ય) તેમજ સામાન્ય સ્ત્રીઓ માટે 9 અને બિનઅનામત સામાન્ય માટે 8 બેઠકો ફાળવવામાં આવી છે.
- **ફાગવેલ તાલુકા પંચાયતમાં** સૌથી ઓછી 16 બેઠકો છે, જેમાં અનુસૂચિત જાતિ માટે 1 (સ્ત્રી), અનુસૂચિત આદિજાતિ માટે 1 (સામાન્ય), પછાતવર્ગ માટે 4 (2 સ્ત્રી, 2 સામાન્ય) અને સામાન્ય સ્ત્રી તેમજ બિનઅનામત સામાન્ય માટે 5-5 બેઠકો નક્કી કરાઈ છે.

# ચરોતરની 12 નગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયાની તૈયારી શરૂ

**મતદારયાદી** ફાયનલ થયાં બાદ હવે ચૂંટણી અધિકારીઓ નિયુક્ત કરાયા

(પ્રતિનિધિ) આણંદ, તા 15

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની વિવિધ નગરપાલિકાઓમાં યોજાનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.

આણંદમાં કુલ 6 અને ખેડા જિલ્લામાં કુલ 6 પાલિકાઓમાં ચૂંટણી પ્રકિયા પારદર્શક અને સુચારુ રીતે યોજાય તે માટે અધિકારીઓની નિયુકિત કરાઈ છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા આગામી સમયમાં જાહેર થનાર ચૂંટણીઓની મતદાર યાદી, વોર્ડ સીમાંકન, મતદાન મથકોની વ્યવસ્થા સહિતની ચૂંટણીલક્ષ ની કામગીરી પર દેખરેખ રાખવામાં આવનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ સુપરસીડ જાહેર કરાયેલ બોરસદ અને સોજીત્રા પાલિકામાં પણ ચૂંટણી યોજાય તેવી સંભાવનાઓ મજબૂત બની છે. જયારે નવી બનેલ તારાપુર પાલિકામાં પ્રથમ વખત ચૂંટણી યોજાશે.જાહેર થયેલ નિમણૂંકોના પગલે પાલિકાઓમાં ચૂંટણીલક્ષી માહોલ જોર પકડશે.

#### આણંદની 6 પાલિકામાં નિયુક્ત અધિકારી

આણંદ જિલ્લામાં 6 પાલિકાઓમાં ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીની કરાયેલ નિમણૂંકોમાં અનુક્રમે ઉમરેઠમાં જિલ્લા પુરવઠા અધિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર (પંચાયત), બોરસદમાં પ્રાંત અધિકારી-બોરસદ અને મદદનીશ ખેતી નિયામક( વિસ્તરણ),બોરસદ, પેટલાદમાં મદદનીશ કલેક્ટર-પેટલાદ અને મદદનીશ ઈજનેર, માર્ગ-મકાન પેટા | વિભાગ, આણંદ, સોજીત્રામાં જિલ્લા ખેતીવાડી અધિકારી-આણંદ અને ના.કા.ઈજનેર, મહી સિંચાઇ પેટા વિભાગ-પેટલાદ, ખંભાતમાં પ્રાંત અધિકારી-ખંભાત અને મદદનીશ ખેતી નિયામક ( વિસ્તરણ) ખંભાત તેમજ તારાપુર પાલિકામાં ખેતી નિયામક ( વિસ્તરણ ), આણંદ અને સરકારી શ્રમ અધિકારી, આણંદની નિયુકિત કરવામાં આવી છે.

#### ખેડાની 6 પાલિકામાં નિયુક્ત અધિકારી

ખેડા જિલ્લામાં 4 પાલિકામાં સામાન્ય અને 2 પાલિકાની પેટા ચૂંટણીનો ધમધમાટ શરુ થયો છે. જેમાં નિયુકત અધિકારીઓમાં અનુક્રમે કઠલાલમાં કા.ઈ.,સિંચાઈ વિભાગ-નડિયાદ અને મામલતદાર-કઠલાલ, કપડવંજમાં કા.ઈ.સિંચાઈ વિભાગ (પંચાયત) અને મામલતદાર-કપડવંજ, ઠાસરામાં પેટા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી-નડિયાદ, કણજરીમાં સુપ્રિ.લેન્ડ રેકોર્ડસ કમ એકત્રીકરણ અધિકારી-નડિયાદ અને સીટી સર્વે સુપ્રિ.-નડિયાદ, મહેમદાવાદ પાલિકામાં વોર્ડ 1 અને 5 માટે જિલ્લા સહાયક નિરીક્ષક, સ્થાનિક ભંડોળ અને હિસાબની કચેરી-નડિયાદ તથા મહુધા પલિકામાં વોર્ડ નં. 5 માટે પેટા પ્રાદેશિક રોજગાર અધિકારી,નડિયાદને જવાબદારી સોંપવામાં આવી છે.

## આણંદની શાળાઓમાં આજથી બાહ્ય મૂલ્યાંકન હાથ ધરાશે

(પ્રતિનિધિ) આણંદ, તા.15

રાજ્યની સરકારી શાળાઓમાં ધોરણ 3 થી 8 વાંચન-લેખન-ગણન અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. હવે આ અભિયાન અંતર્ગત બાહ્ય મૂલ્યાંકન 16મી અને 17મી માર્ચના રોજ સમગ્ર રાજ્યમાં એકસાથે યોજવામાં આવનાર છે. નિયામક દ્વારા આ અંગે પરિપત્ર તમામ ડાયેટ પ્રાચાર્ય, પ્રાથમિક શિક્ષણ અધિકારી અને શાસનાધિકારીઓને પાઠવવામાં આવ્યો છે. જે મુજબ આણંદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાંથી નક્કી કરેલી શાળામાં અધિકારી ધ્વારા વાંચન, લેખન હાથ ધરાશે અને ગણનનું મૂલ્યાંકન થશે. આ અભિયાન અંતર્ગત શાળાના મુખ્ય શિક્ષકો, સીઆરસી, બીઆરસી કો.ઓર્ડિનેટર, કેળવણી નિરીક્ષક તેમજ ટીપીઈઓ અને ડીપીઈઓને બાયસેગ મારફતે તાલીમ આપી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે.

### સ્માર્ટ મીટર થોપવા રહીશોને છેડછાડના કેસમાં ફસાવવાની ધમકી

# નડિયાદમાં સ્માર્ટ મીટર નંખાવવા લાઇનમેને ધમકી આપતાં ઉગ્ર રોષ

**બિલની** મુદત બાકી હોવા છતાં કનેક્શન કાપવાનો પેંતરો

(પ્રતિનિધિ) નડિયાદ તા.15

નડિયાદના વાણિયા વાડ વિસ્તારમાં આવેલી યશ કમલ સોસાયટીમાં MGVCLના કર્મચારીઓએ પૂર્વ મંજૂરી વગર ઘૂસી જઈ રહીશો સાથે અત્યંત ઉદ્ધત વર્તન કરતા ચકચાર મચી છે. સ્માર્ટ મીટર સ્વીકારવા માટે રહીશો પર દબાણ કરી તેમને મીટર સાથે છેડછાડના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપવામાં આવતા રહીશોમાં ભારે રોષ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

બિલ ભરવાની મુદત પહેલા જ ધમકી ગત 13મી માર્ચ,2026ના રોજ વસો સબ ડિવિઝનનો આસિસ્ટન્ટ લાઇનમેન વી.આર. માલી સોસાયટીના મીટર બોક્સ પાસે શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. રહીશોની પૂછપરછમાં તેણે બિલ બાકી હોવાના બહાને કનેક્શન કાપવાની ધમકી આપી હતી, જ્યારે વાસ્તવમાં બિલ ભરવાની છેલ્લી તારીખ 20મી માર્ચ, 2026 હતી. સોસાયટીમાં મોટાભાગે સિનિયર સિટિઝન રહેતા હોવાથી કર્મચારીઓના આવા જોહુકમીભર્યા વર્તનને કારણે વૃદ્ધોમાં અસુરક્ષાની લાગણી જન્મી છે. આ અંગે રહીશોએ જ્યારે અધિકારીનો સંપર્ક કર્યો તો તેમણે પણ અમારી પાસે બધી સત્તા છે કહી ઉદ્ધત જવાબ આપ્યો હતો.

આ સમગ્ર ઘટનાને સુનિયોજિત ગુનાહિત ષડયંત્ર ગણાવ્યું છે. અગાઉ જૂન 2025માં પણ બળજબરીથી મીટર બદલવાનો પ્રયાસ થયો હતો. રહીશોએ હવે કાર્યપાલક ઈજનેરને લેખિત ફરિયાદ આપી માંગ કરી છે કે જો 24 કલાકમાં જવાબદાર કર્મચારીઓ વિરુદ્ધ કડક પગલાં નહીં લેવાય, તો તેઓ ગ્રાહક સુરક્ષા ફોરમ અને હાઈકોર્ટના દ્વાર ખખડાવશે. એવા પણ આક્ષેપ થયાં છે કે, સત્તાવાર ડ્યુટી ઓર્ડર વગર ખાનગી પ્રોપર્ટીમાં પ્રવેશ કરવો એ ઈલેક્ટ્રિસિટી એક્ટ 2003 ની કલમ 163નું સ્પષ્ટ ઉલ્લંઘન છે. બિલની મુદત હોવા છતાં કનેક્શન કાપવાની ધમકી આપવી એ નિયમ વિરુદ્ધ છે.

### ઉમરેઠ ધારાસભ્યનું અવસાન થતાં જગ્યા ખાલી પડી

# ઉમરેઠ વિધાનસભાની 23મી એપ્રિલે પેટા ચૂંટણી યોજાશે

**ઉમરેઠમાં** ચૂંટણી લડવા રાજકીય ખેંચતાણ શરૂ

(પ્રતિનિધિ) આણંદ તા.15

ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારનું 6 માર્ચે અવસાન થયા બાદ 10 માર્ચના રોજ સત્તાવાર રીતે ઉમરેઠ ખાલી જાહેર કરાઇ હતી .

આણંદ જિલ્લાના 111-ઉમરેઠ વિધાનસભા બેઠકને ગુજરાત વિધાનસભા સચિવાલય દ્વારા 10 માર્ચના રોજ સત્તાવાર રીતે ખાલી જાહેર કરવામાં આવી છે. બેઠકના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારનું 6 માર્ચે અવસાન થતાં નિયમ મુજબ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ધારાસભ્યના નિધનના પગલે ગુજરાત વિધાનસભામાં એક બેઠક ખાલી પડતાં વિધાનસભા સચિવાલય દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. નિયમ મુજબ કોઈપણ વિધાનસભા બેઠકના ધારાસભ્યનું અવસાન થાય ત્યારે તે બેઠક ખાલી જાહેર કરવાની હોય છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ચુંટણી આયોગ દ્વારા ઉમરેઠ વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી યોજવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ચૂંટણી કાર્યક્રમ મુજબ ઉમરેઠ વિધાનસભા બેઠક માટે 23 એપ્રિલે મતદાન યોજાશે, જ્યારે 4 મેના રોજ મતગણતરી બાદ પરિણામ જાહેર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના નિધનને કારણે ઉમરેઠ બેઠક ખાલી પડતાં હવે આગામી પેટા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

### એક જ અઠવાડિયામાં ત્રીજા મંદિરને નિશાન બનાવતા ભક્તોમાં ભારે નારાજગી

# ઉમરેઠના મહાદેવ મંદિરના તાળા તોડી ₹65 હજારની મતા ચોરાઈ

**પોલીસે** સીસીટીવીના ફૂટેજ આધારે 2 શખસની તપાસ હાથ ધરી




તસવીરઃ ધનંજય શુકલ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.15

ઉમરેઠ નગરમાં તસ્કરોએ હવે ધાર્મિક સ્થાનોને નિશાન બનાવવાનું શરૂ કરતા નગરજનોમાં ભય અને ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે. ઉમરેઠ રેલવે ફાટક પાસે આવેલ પ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મહાદેવ મંદિરમાં તસ્કરોએ રાત્રિના સમયે ત્રાટકી ચાંદીના ઘરેણાં અને રોકડ રકમ મળી અંદાજે 70 હજારની મત્તા પર હાથ સાફ કર્યો છે. એક જ અઠવાડિયામાં ત્રણ મંદિરોમાં થયેલી ચોરીને પગલે સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે,

ઉમરેઠના રેલવે સ્ટેશન પાસે આવેલ મહાકાલેશ્વર મંદિરમાં ગત રાત્રે અંદાજે 2-20 વાગ્યાની આસપાસ બે અજાણ્યા શખ્સોએ મંદિરની લોખંડની જાળીનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ગર્ભગૃહમાંથી ભગવાનના ત્રણ ચાંદીના મુગટ, એક ચાંદીનું છત્ર અને કેડ કંદોરો મળી કુલ 65 હજારની કિંમતની ચાંદીની ચીજવસ્તુઓની ચોરી કરી છે. આટલેથી ન અટકતા, તસ્કરોએ મંદિરમાં રાખેલી સ્ટીલની બે દાનપેટીઓ પણ તોડી નાખી હતી અને તેમાં રહેલી આશરે પાંચ હજાર રૂપિયાની રોકડ લઈને ફરાર થઈ ગયા હતા. તસ્કરોએ જર્મન ધાતુની આરતી પણ ચોરી હતી, પરંતુ તે કિંમતી ન લાગતા તેને લોચો વાળીને રસ્તામાં ફેંકી દીધી હતી, જે બીજા દિવસે સવારે મંદિર નજીકથી મળી આવી હતી.

મંદિરમાં સવારે દર્શનાર્થે આવેલા ભક્તોએ મંદિરનું તાળું તૂટેલું અને સામાન અસ્તવ્યસ્ત જોઈ પોલીસને જાણ કરી હતી. આ ઘટનાની જાણ થતા જ ઉમરેઠ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. મંદિરમાં લાગેલા સીસીટીવી કેમેરાની તપાસ કરતા રાત્રે ૨:૨૦ વાગ્યે બે યુવાન વયના શખ્સો ચોરી કરતા કેદ થયા છે. પોલીસે આ ફૂટેજના આધારે તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ઉમરેઠમાં ભીમ હનુમાન મંદિરમાં ધોળે દિવસે માતાજીના ચાંદીના મુખારવિંદ અને ગદા મળી 58 હજારની ચોરી કરી, બાદમાં ગાયત્રી માતા મંદિરમાં પણ ધોળે દિવસે બે પિત્તળની આરતીની ચોરી થઇ હતી.

# આણંદ : તાપમાનમાં ઘટાડાથી લોકોને ગરમીથી આંશીક રાહત

**સૂર્યનારાયણ** દેવે આકરો મિજાજ દર્શાવ્યા બાદ લોકોને રાહત

(પ્રતિનિધિ) આણંદ તા.15

આણંદમાં ગત સપ્તાહ દરમિયાન સતત ત્રણ દિવસ સુધી મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહ્યું હતું. સતત વધતા જતા મહત્તમ તાપમાનમા 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થતા લોકોને ગરમીથી રાહત મળી છે. રવિવારે મહત્તમ તાપમાન 37 ડિગ્રી, લઘુત્તમ18.2 ડિગ્રી ભેજના ટકા 92 અને પવનની ગતિ 3.3 પ્રતિ કલાક નોંધાઈ છે.

માર્ચ મહિનામાં જ અસહ્ય ગરમીની શરૂ થઇ છે. ઉનાળા ઋતુની પ્રારંભમાં જ સૂર્યનારાયણ દેવે આકરો મિજાજ દર્શાવ્યો છે. સતત વધતા જતા પારામાં 3 ડિગ્રી સુધીનો ઘટાડો થતા લોકોને મહદઅંશે ગરમીથી છુટકારો મળ્યો છે.

આણંદ જિલ્લાના વાતાવરણમાં અવાર નવાર ફેરફાર જોવા મળી રહ્યો છે. માર્ચના પ્રથમ અઠવાડિયાથી જ ગરમીએ આકરું સ્વરૂપ ધારણ કર્યુ છે. જો કે છેલ્લા ચાર દિવસ અગાઉ 40 ડિગ્રી ઉપર પહોંચેલા ગરમીના તાપમાન ઘટતા આણંદવાસી હાશકારો અનુભવ્યો છે. ગરમીના પારામાં વધઘટને કારણે તેની પ્રતિકુળ અસર જાહેર જનજીવન અને માનવ શરીર ઉપર પડી રહી છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાથી મહદઅંશે રાહત જોવા મળી છે. મહતમ તાપમાન ઘટતા ગરમીમાંથી લોકોને રાહતનો અનુભવ થયો છે. પરંતુ અગામી દિવસોમાં ઉષ્ણતામાનના પારામાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા હવામાન વિભાગના નિષ્ણાંતોએ વ્યક્ત કરી છે. જેથી લોકોએ ફરી વખત આકરી ગરમી સહન કરવા તૈયાર રહેવુ પડે તેવી સ્થિતિ ઉભી થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# વિખૂટી પડેલા માસૂમનું ટેકનોલોજીના સથવારે પુનઃ મિલન થયું

**વીડિયો** કોલથી ઓળખ કરી વડોદરાથી મળેલી બાળકીને પરિવારે વહાલથી વધાવી



(પ્રતિનિધિ) નડિયાદ તા.15

નડિયાદ અને વડોદરા જિલ્લાના બાળ સુરક્ષા એકમોના સચોટ સંકલન અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી કપડવંજ પંથકની એક 12 વર્ષની બાળકી ત્રણ દિવસના ટૂંકા ગાળામાં પોતાના પરિવાર પાસે પરત ફરી છે. રસ્તો ભટકી ગયેલી અને ગભરાયેલી આ માસૂમ દીકરીને શોધવા માટે તંત્રએ પરંપરાગત પદ્ધતિ છોડી વીડિયો કોલિંગ જેવા નવતર પ્રયોગો હાથ ધર્યા હતા, જે અંતે સફળ રહ્યા છે.

વડોદરા ખાતેથી મળી આવેલી આ સગીર બાળકી માનસિક રીતે અત્યંત ગભરાયેલી હાલતમાં હોવાથી પોતાના ઘર કે ગામ વિશે કોઈ ચોક્કસ માહિતી આપી શકતી નહોતી. પરિસ્થિતિની ગંભીરતા જોઈ નડિયાદ જિલ્લા બાળ સુરક્ષા એકમ અને ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમે તાત્કાલિક ઓપરેશન શરૂ કર્યું હતું. બાળકીએ આપેલી પ્રાથમિક અને અસ્પષ્ટ વિગતોને આધારે ટીમે કપડવંજ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તપાસ કેન્દ્રિત કરી હતી.

આ બાળકીના પરિવારની ભાળ મેળવવા માટે તંત્રએ આધુનિક ટેકનોલોજીનો પ્રશંસનીય ઉપયોગ કર્યો હતો. ફિલ્ડ પર રહેલા કર્મચારીઓ જ્યારે શંકાસ્પદ વિસ્તારો કે વસાહતોમાં પહોંચતા, ત્યારે તેઓ મોબાઈલ ફોન દ્વારા વીડિયો કોલ કરીને બાળકીને ત્યાંના રસ્તાઓ અને જાણીતા સ્થળો (લેન્ડમાર્ક) બતાવતા હતા. આ સતત પ્રયાસોથી બાળકીની સ્મૃતિ તાજી થઈ અને તેણે સંકેતો આપવાનું શરૂ કર્યું, જેના આધારે ટીમ અંતે તેની વસાહત સુધી પહોંચી શકી હતી.

#### બે જિલ્લાના તંત્ર વચ્ચે સચોટ સંકલન

આ સમગ્ર કામગીરીમાં નડિયાદ અને વડોદરા બાળ કલ્યાણ સમિતિએ અદભૂત તત્પરતા દાખવી હતી. સામાન્ય રીતે કાયદાકીય પ્રક્રિયામાં લાગતા સમયને ઘટાડવા માટે બંને જિલ્લાના તંત્ર વચ્ચે ઝડપી રિપોર્ટિંગ અને સંકલન સાધવામાં આવ્યું હતું. આ વહીવટી સક્રિયતાને કારણે જ જરૂરી કાગળની કાર્યવાહી પૂર્ણ કરી બાળકીને સહીસલામત તેના પિતાને સોંપવામાં આવી હતી. ત્રણ દિવસના વિરહ બાદ પોતાની લાડકવાઈને પરત મેળવી પરિવાર ભાવુક બની ગયો હતો.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225